ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી
શ્રી અંબિકા મીલ્સ-ગુજરાત ચેમ્બર બિલ્ડીંગ, પો.બો.નં.૪૦૪૫, આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૯.
ફેક્સ નં.૦૭૯-૨૬૫૮ ૭૯૯૨/ ટે. નં. ૨૬૫૮ ૨૩૦૧/૨/૩/૪
ઈ-મેઈલ : gcci@gujaratchamber.org/ વેબસાઈટ : www.gujaratchamber.org

જાવક નં.! ૨૨૪ to ૪૨૪૪

તા.૩૦-૫-૨૦૨૪

**તા. ૧૨-૭-૨૦૨૪ ને શુક્રવારના રોજ ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના વર્ષ ૨૦૨૪-૨૫ માટે પ્રમુખ, સિનિ. ઉપ-પ્રમુખ, ઉપ-પ્રમુખ અને કારોબારી સમિતિના સભ્યોની જગ્યા માટે થનાર ચૂંટણી બાબત જરૂરી સૂચનાઓ. (ગુજરાત ચેમ્બરના બંધારણમાં ૨૦૨૩ના સુધારા સાથે)**

૧. બંધારણની કલમ-૩૩ પ્રમાણે ચેમ્બરના હાલના પ્રમુખ, સિનિયર ઉપ-પ્રમુખ,અને ઉપ-પ્રમુખ ના હોદ્દાની મુદ્દત વાર્ષિક સામાન્ય સભા (૨૦૨૩-૨૪)ને અંતે પૂરી થશે અને ૨૦૨૪-૨૫ માટે પ્રમુખ, સિનિ. ઉપ-પ્રમુખ, અને ઉપ-પ્રમુખ તથા કારોબારીના **૨૫** સભ્યો માટે ચૂંટણી યોજાશે. નિયમ ૪૦(બી) અંતર્ગત વર્તમાન સિનિયર ઉપ-પ્રમુખની વર્ષ ૨૦૨૪-૨૫ માટે પ્રમુખ માટે સંમતિ પ્રાપ્ત થયેલ હોવાથી પ્રમુખની ચૂંટણી યોજવાની રહેતી નથી.

૨૪(૧)(અ) (ડ)

૨. ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના સભ્ય પોતાના ચૂંટણી અંગેના ઉમેદવારીપત્રક નિયત સમય મર્યાદામાં રૂબરૂ અથવા પોતાના પ્રતિનિધિ દ્વારા મેળવી શકશે. પરંતુ જો રૂબરૂ ન આવી શકે તો પોતાના લેટરપેડ પર જે કેટેગરીના ઉમેદવારીપત્રકની જરૂરિયાત હોય તે દર્શાવી તેમજ સભ્યપદ નંબર લખી ઓથોરીટી પત્ર આપી મેળવી શકશે.

૩. કારોબારી સમિતીની ચૂંટણી નીચે પ્રમાણે કેટેગરી અનુસાર થશે.

અ) **કોર્પોરેટ વિભાગ : કોર્પોરેટ સભ્યની કેટેગરીમાં ૩ જગ્યાઓ માટેની ચૂંટણી થશે.** આ જગ્યા માટેના ઉમેદવારો કોર્પોરેટ કેટેગરીમાં નોંધાયેલા હોવા જોઇએ અને આ જ કેટેગરીના ૧લી એપ્રિલ, ૨૦૨૪ના રોજ નોંધાયેલા સભ્યો દ્વારા જ ચૂંટાશે.

૨૪(૨)(એ)

બ) **બિઝનેસ એસોસીએશનઃ બિઝનેસ એસોસીએશન (મહાજન) કેટેગરીમાં ૨ સ્થાનિક અને ૧ બહારગામ એમ કુલ-૩ જગ્યા માટે ચૂંટણી યોજાશે.** આ જગ્યા માટેના ઉમેદવારો બિઝનેસ એસોસીએશન (મહાજન)ની કેટેગરીમાં ૧લી એપ્રિલ, ૨૦૨૪ના રોજ નોંધાયેલા હોવા જોઇએ અને આ કેટેગરીના સભ્યો દ્વારા જ ચૂંટાશે.

૨૪(૨)(સી)

ક) **પેટ્રન અને આજીવન સભ્યોઃ પેટ્રન અને આજીવન સભ્યોની કેટેગરીમાં ૨ સ્થાનિક અને ૧ બહારગામ એમ કુલ-૩ જગ્યા માટેની ચૂંટણી યોજાશે.** પેટ્રન અને આજીવન સભ્યોની ૧લી એપ્રિલ, ૨૦૨૪ની નોંધાયેલી યાદીમાંથી જ ઉમેદવારી કરી શકાશે તેમજ આ કેટેગરીના સભ્યો દ્વારા ચૂંટાશે.

૨૪(૨)(ડી)



GCCI 1949 AHMEDABAD

ડ) **સામાન્ય વિભાગ : સામાન્ય વિભાગ કેટેગરીમાં સ્થાનિક ૮, બહારગામ ના ૪ અને ૧ બીઝનેસ વુમન એમ મળીને કુલ ૧૩ જગ્યાઓ માટેની ચૂંટણીઓ યોજાશે.** ચેમ્બરના બધા જ નોંધાયેલ સભ્યો (નોનવોટીંગ સિવાય)માંથી કોઇ પણ લાગુ પડતી કેટેગરીમાં ઉમેદવારી કરી શકશે અને ચેમ્બરના ૧લી એપ્રિલ, ૨૦૨૪ના રોજ નોંધાયેલ હોય તેવા તમામ સભ્યો (નોનવોટીંગ સિવાય) દ્વારા ચૂંટાશે.

૨૪(૨)(ઇ)

ઇ) ચેમ્બરના ૧લી એપ્રિલ, ૨૦૨૪ના રોજ નોંધાયેલ તમામ સામાન્ય સભ્યો (નોનવોટીંગ સિવાય) તથા તા.૩૧-૫-૨૦૨૪ સુધી સભ્યપદ રીન્યુ કરાવેલ સભ્યો સિનિ. ઉપ-પ્રમુખ અને ઉપ-પ્રમુખની તેમજ તેમની કેટેગરીની ચૂંટણીમાં મતદાન કરી શકશે.

૨૪(૨)(એફ)

૪. સિનિ. ઉપ-પ્રમુખ અને ઉપ-પ્રમુખની ઉમેદવારી માટેના નિયમ ૪૦(અ) પ્રમાણે નિયત ફોર્મમાં ઉમેદવારની સહી હોવી જોઇએ, ચેમ્બરના નોંધાયેલ કોઇપણ સભ્ય (નોનવોટીંગ સિવાય) દ્વારા તેની દરખાસ્ત કરવામાં આવી હોવી જોઇએ અને પ્રવર્તમાન ચૂંટાયેલા કારોબારી સભ્ય દ્વારા ટેકો અપાયેલો હોવો જોઇએ. આવા ફોર્મ રૂ.૧૦,૦૦૦=૦૦ની ડીપોઝીટ સાથે તા.૨૭-૬-૨૦૨૪ના રોજ સાંજે ૪-૦૦ વાગ્યા સુધીમાં સેક્રેટરી જનરલને પહોંચાડવાના રહેશે.

બંધારણના નિયમ-૯(ડી) (i) પ્રમાણે અગાઉ ગમે ત્યારે ઓછામાં ઓછા ૨ વર્ષ માટે કારોબારી સમિતિમાં ચૂંટાયેલ સભ્ય જ સિનિ. ઉપ-પ્રમુખ કે ઉપ-પ્રમુખ માટેની ચૂંટણી ઉમેદવારી કરવાપાત્ર છે. અથવા નિયમ ૯(ડી)( ii) પ્રમાણે લાયકાત ધરાવતા હોય તેવા સભ્ય સીની. ઉપ-પ્રમુખ માટે ચૂંટણી ઉમેદવારી કરવાપાત્ર છે.

૯(ડી),૪૦(બી)

૫. કોઇ પણ સભ્ય ચેમ્બરના હોદ્દેદાર તરીકેના એક જ હોદ્દા માટે સતત એક ટર્મથી વધુ સમય માટે ચૂંટાશે અને નિમાશે નહીં.

૩૫(નોંધ)

૬. બંધારણના નિયમો અનુસાર કારોબારી સમિતિની ખાલી જગ્યાઓ માટેના કોઇપણ ઉમેદવારો પાસેથી મળેલા ઉમેદવારી પત્રકો ઉપર તેની સહી કરેલી હોવી જોઇએ, તેની દરખાસ્ત ચેમ્બરના કોઇપણ સભ્ય (નોનવોટીંગ સિવાય) દ્વારા થવી જોઇએ અને ચેમ્બરના અન્ય કોઇ પણ સભ્ય (નોનવોટીંગ સિવાય)નો ટેકો હોવો જોઇએ. આવા ઉમેદવારી પત્ર રૂ.૧૦,૦૦૦=૦૦ ડીપોઝીટ સાથે સેક્રેટરી જનરલને, ઉમેદવારી પત્રકો સ્વીકારવાની નક્કી થયેલ છેલ્લી તા.૨૭-૬-૨૦૨૪ના સાંજે ૪-૦૦ વાગ્યા સુધીમાં પહોંચાડવાના રહેશે.

**નોંધ : ચૂંટણીમાં જો કોઇ ઉમેદવારને ચૂંટણીમાં પડેલા કુલ મતોના ૧૫ ટકા કરતાં ઓછા મતો મળશે તો તેની ડીપોઝીટની રકમ જપ્ત કરાશે, સિવાય કે તે ચૂંટાયેલા જાહેર થાય.**

૪૦ (સી)

૭. આ ચૂંટણીમાં કોઇ સભ્ય કે સભ્ય સંસ્થાના પ્રતિનિધિ એક કરતાં વધારે જગ્યા માટે ચૂંટણી લડી શકશે નહીં.

૪૦ (ઇ)

૨/૪

૮. ઉમેદવારે ઉમેદવાર તરીકે જાહેર થતાં પહેલા ઉમેદવારી પત્રક ભર્યા અગાઉના પાછલા ૬ મહિના દરમ્યાન તેના ધંધાના સ્થળનું સરનામું **અમદાવાદ જીલ્લાના વિસ્તારમાં અથવા તેની બહાર** આવેલું છે તેની ચોખવટ ઉમેદવારી પત્રકમાં કરી તેના માટેના જરૂરી માન્ય પુરાવાઓ આપવાના રહેશે. ઉમેદવારે ફોર્મ સાથે રજુ કરેલા યોગ્ય પુરાવા ચૂંટણી અધિકારીને માન્ય હોવા જોઈએ. જો તેઓ દ્વારા રજુ કરેલા પુરાવા યોગ્ય ના જણાય તો તેનું ઉમેદવારી માટેનું ફોર્મ રદ ગણવામાં આવશે અને તેનો ચૂંટણી અધિકારીનો નિર્ણય ઉમેદવારને બંધનકર્તા રહેશે.

૪૦(એફ), ૪૦(આઈ), ૪૦(એલ)

૯. ઉમેદવારે એવું જાહેર કરવાનું રહેશે કે તેણે ચેમ્બરનું પ્રવર્તમાન બંધારણ અને નિયમો બરાબર વાંચ્યા છે અને તે તેનાથી બંધાય છે અને તે તેનું પાલન કરશે અને તે બંધારણના નિયમો અનુસાર ઉમેદવાર તરીકે આ ચૂંટણી લડી રહ્યા છે તથા તે આવી ચૂંટણી માટેની જોગવાઈઓ અને નિયમોનું પાલન કરશે.

૪૦ (જી)

૧૦. ફક્ત એવા સભ્ય જેના ધંધાનું સરનામુ, તેનું ઉમેદવારી પત્રક ભરવાના બરાબર છ મહિના પહેલાથી **અમદાવાદ જીલ્લાના વિસ્તારમાં ન હોય તેને જ બહારગામના સભ્ય તરીકે ગણવામાં આવશે.** આ શરત પૂરી ન કરનાર દરેક સભ્ય જીસીસીઆઈમાં સ્થાનિક સભ્ય ગણાશે. આ બાબતમાં કોઈ વિવાદ થશે તો ઉમેદવાર ચૂંટણી અધિકારીને જરૂરી લાગે એવા સાંયોગિક પુરાવા આપશે અને ચૂંટણી અધિકારીનો આ અંગેનો નિર્ણય આખરી ગણાશે અને બંધનકર્તા રહેશે.

૪૦(એફ), ૪૦(આઈ), ૪૦(એલ)

૧૧. બીઝનેસ એસોસીયેશનમાંથી ચૂંટણી લડનાર ઉમેદવારે જે તે એસોસીયેશનના ચાલુ વર્ષના પ્રમુખ/ સેક્રેટરીની સહીથી તેઓ જે તે એસોસીયેશનના વર્તમાન હોદ્દેદાર છે તે અંગેનું પ્રમાણપત્ર એસોસીયેશનના લેટરહેડ પર ફોર્મ સાથે બિડવાનું રહેશે.

૧૨. **<u>મતોની ફેરગણતરી માટેની વાંધા-અરજી :</u>**

જે ઉમેદવારો ચૂંટણીમાં ચૂંટાયા ન હોય તે ઉમેદવારો ફરી મત ગણતરી માટે ચૂંટણી પરિણામ જાહેર થયા પછી ૧ કલાકની અંદર અરજી કરી શકશે અને તેમની પાસેથી ડીપોઝીટ પેટે રૂા.૫૦૦૦=૦૦ લેવામાં આવશે. જો ફરી ગણતરી બાદ તેમને અપાયેલા મતોની સંખ્યામાં ફેરફાર થશે તો તેમની ડીપોઝીટ પરત કરાશે. અન્યથા ચેમ્બર દ્વારા તેમની ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે.

જો કોઈ ઉમેદવારને ચૂંટણીના પરિણામોમાં મતોની ગણતરી અને ફેરગણતરી સિવાયના કોઈ પણ કારણોસર વાંધો હોય, તો તે જે તે વાર્ષિક સામાન્ય સભા, જેમાં પરિણામની નોંધ લેવાની હોય, તેના ૩ દિવસની અંદર તેમની સહી સાથે અથવા અન્ય ઉમેદવારની ભેગી સહી સાથે રૂા.૫૦૦૦=૦૦ની ડીપોઝીટ સાથે તા.૧૫-૭-૨૦૨૪ને સાંજે ૫-૦૦ કલાક સુધીમાં અરજી કરી શકશે.

ચૂંટણી બોર્ડ આવી અરજીની ચકાસણી કરશે અને તેને ધ્યાનમાં રાખીને યોગ્ય નિર્ણય લેશે. આવી વાંધા અરજી રદ કરવામાં આવશે તો રૂા.૫૦૦૦=૦૦ની ડીપોઝીટ પરત આપવામાં આવશે નહીં પરંતુ જો ચૂંટણી બોર્ડ આવી અરજી માન્ય રાખશે તો ડીપોઝીટ પરત કરવામાં આવશે.

નિયમ ૪૮



GCCI 1949 AHMEDABAD

૧૩. ચેમ્બરના બંધારણ મુજબ કોઇ પણ "પ્રોફેશનલ", જેની વ્યાખ્યા બંધારણની કલમ નં.૨(યુ) માં થયેલી છે, તે ચેમ્બરના પ્રમુખ, સિનિ. ઉપ-પ્રમુખ કે ઉપ-પ્રમુખની ચૂંટણીમાં ઉમેદવારી કરી શકશે નહીં.

૩૫(અ)

૧૪. ચેમ્બરના બંધારણ મુજબ જે સભ્યના પ્રતિનિધિ પોતે પ્રમોટર/ માલીક/ ડિરેક્ટર/ પાર્ટનર તરીકે નોંધાયેલા હશે, તે જ ચેમ્બરની ચૂંટણીમાં ઉમેદવારી કરી શકશે.

૪૦ (જે)

**બંધારણની કલમ-૫૦ મુજબ શ્રી હસમુખ હિંગુ ની ચૂંટણી અધિકારી તરીકે ચેમ્બરની એમ્પાવર્ડ એપેક્ષ કમિટિ દ્વારા નિમણૂક કરવામાં આવી છે.**

**ઉપરોક્ત તમામ માહિતીમાં ચેમ્બરના બંધારણની જોગવાઈ જ આખરી ગણાશે.**

ડૉ.દુષ્યંત રાવલ
*સેક્રેટરી જનરલ*
ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

હસમુખ હિંગુ
*ચૂંટણી અધિકારી (૨૦૨૪-૨૫)*

GCCI 1949 AHMEDABAD